## આજની નવલી નવરાત

- સેક્ટર-૨૨ સાર્વજનિક નવરાત્રી મહોત્સવમાં ગણેશ કલાવૃંદના વિપુલ સોલંકી ગરબાની રમઝટ બોલાવશે.
- નવરાત્રી મહોત્સવ સમિતિ સેક્ટર-૩-બી ખાતે ગાયત્રી એન્ડ જી.પાર્ટી રાસ-ગરબાની રમઝટ કરાવશે.
- સેક્ટર-૫-સી નવરાત્રી ચોકમાં દિનેશકુમાર એન્ડ પાર્ટી વાવોલ વાળા રમઝટ બોલાવશે.
- સેક્ટર-૮ એકતા ચોકમાં પ્રગતિ મ્યુઝિકલ ગૃપ હરિપુરા રાસ-ગરબાની રમઝટ બોલાવશે.
- સરઢવ વારાહી પ્રગતિ મંડળ, વારાહી ચોકમાં બંસરી કલાવૃંદ વિક્રમ ઠાકોર ફિલ્મ અભિનેતા, રાસ-ગરબાની જમાવટ કરશે.
- સેક્ટર-૩-ન્યુ ખાતે પંકજ કાપડિયા એન્ડ કંપની રાસ-ગરબાની રમઝટ બોલાવશે.

# પ્રેમ લગ્નની અદાવત રાખી યુવકના પિતા પર તલવાર વડે હુમલો

### યુવતીના ભાઈએ તેની બહેન ભગાડીને લગ્ન કરી લેનાર યુવકના પિતા પર તલવાર ઝીંકી : વલાદ ગામની ઘટના

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર નજીક આવેલ વલાદ ગામમાં વર્ષ ૨૦૧૩માં એક યુવતીને ભગાડીને ગામનો જ યુવાન લઈ ગયો હતો અને પ્રેમલગ્ન કરી લીધા હતા. યુવતીના ભાઈએ આ પ્રેમ લગ્નની અદાવત રાખીને જે યુવક તેની બહેનને ભગાડી ગયો હતો તેના પિતાની ઉપર વલાદ ગામમાં જ તલવાર વડે હુમલો કર્યો હતો. હિંસક હુમલાથી ઘાયલ યુવકના પિતાને હોસ્પિટલ સારવાર અર્થે તાત્કાલિક લઈ જવાયા હતા. આ બનાવ અંગે યુવતીના ભાઈ પર હિંસક હુમલા અંગે ગુનો નોંધી ડભોડા પોલીસે તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગાંધીનગર નજીકની વલાદ ગામમાં પટેલ વાસમાં રહેતા વિનોદભાઈ નાથાભાઈ પટેલના દિકરા ભાવેશે ગત વર્ષે ગામમાં જ રહેતા નટુજી મણાજી ઠાકોરની બહેન શોભના સાથે પ્રેમલગ્ન કરી લાધા હતા. પ્રેમ લગ્ન બાદ ગામમાં પરિસ્થિતિ તંગ ન બને તે માટે થોડો મહિના બન્ને બહાર રહેવા જતા રહ્યા હતા. છેલ્લા ત્રણેક માસથી વલાદ ગામમાં પરત રહેવા આવી ગયા હતા. દરમ્યાન ગઈ મોડી સાંજે વલાદ ગામના પટેલ વાસમાં જાહેરમાં બહેનને ભગાડી જનાર યુવકના પિતા વિનોદભાઈને ઉભા રાખીને નટુજીએ તિક્ષ્ણ ધારદાર તલવાર ગળાના ભાગે ઝીંકી દીધી હતી. ઘવાયેલા વિનોદભાઈને તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ડભોડા પોલીસે તેમની ફરીયાદ લઈને નટુજી સામે આઈ.પી.સી. ૩૨૪, ૫૦૪ મુજબ ગુનો નોંધી જમાદાર અશોકભાઈએ તપાસનો દોર શરૂ કર્યો છે.

## મીનાબજારથી વધુ ત્રણ પીધેલી હાલતમાં ઝડપાયા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરના મીનાબજાર ખાતે દારૂના નશામાં ચકચુર હાલતમાં ફરી રહેલા વધુ ત્રણ શખ્સોને સે. ૭ પોલીસે ઝડપી પાડ્યા છે. રાત્રે સે. ૪-એ પ્લોટ નં. ૧૦૨૯/૨ માં રહેતા ધર્મેન્દ્ર પરશુરામ સાધુને ઈન્ડીકા વિસ્ટા નં. જીજે-૧૮-બી.બી. ૪૩૫૨ સાથે પીધેલી હાલતમાં પકડી પાડ્યો હતો. તેની સાથે ઈન્દ્રોડાના રાજેન્દ્રસિંહ દલપતસિંહ ગોહિલ અને પાલજના દશરથસિંહ અમરસિંહ બિહોલા પણ પીધેલી હાલતમાં હતા. ત્રણેયની ધરપકડ કરીને સે. ૭ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ચિલોડાનું બ્રહ્માણી માતાનું પૌરાણિક મંદિર નવા રંગરોગાનથી સુશોભિત

### યુવક મંડળ દ્વારા મંદિરનું રિનોવેશન કરાતા ગ્રામજનો આનંદિત આ મંદિરે ભવ્ય નવરાત્રી મહોત્સવનું આયોજન કરાયું

ચિલોડા, તા. ૨૪

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે બ્રહ્માણી માતાનું પ્રાચિન મંદિર આવેલું છે. જે ગ્રામજનો માટે ભક્તિ પંચવટી સોસાયટી જેવા વિસ્તારો આવેલા હોઈ આ વિસ્તારના લોકો માટે ભક્તિનું મુખ્ય સ્થાન બન્યું છે. આ વિસ્તારના યુવક મંડળ દ્વારા આ પણ તેની સાથે જ રીનોવેટ કરવામાં આવ્યું છે અને તેને પણ નવા રંગરોગાન કરવામાં આવ્યા છે.

બ્રહ્માણી માતાજીનું આ મંદિર



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

અને શ્રદ્ધાનું કેન્દ્ર છે. આ મંદિરનું તાજેતરમાં રિનોવેશન કરવામાં આવ્યું છે અને આદ્યશક્તિની ઉપાસનાના નવરાત્રી પર્વે આ મંદિર તેના નવા રંગરોગાનથી ઝળહળી ઉઠ્યું છે.

ચિલોડા ગામના તળાવકાંઠે રમણીય સ્થળે આવેલ આ પ્રાચિન બ્રહ્માણી માતાનું મંદિર માઈભક્તિો માટે આસ્થાનું કેન્દ્ર છે. આ મંદિરની આસપાસ પીપળાવાળો વાસ અને પૌરાણિક મંદિરને તાજેતરમાં રીનોવેશન કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યમાં મંદિરનું સમારકામ કરીને તેને નવા આકર્ષક રંગો વડે સુશોભિત કરવામાં આવ્યું છે. મંદિરના નવા રૂપરંગથી ખિલી ઉઠ્યું છે અને તેના કારણે શ્રદ્ધાળુઓમાં આનંદ અને ઉત્સાહની લાગણી પ્રવર્તી રહી છે. આ મંદિરની લગોલગ આવેલ રામાપીરનું મંદિર ચિલોડા ગામના ક્ષત્રિય અને જૈન સમાજમાં ખૂબ મહત્વ ધરાવે છે અને આ સમાજના નવદંપતિ તેમના લગ્ન બાદ અહીં અચૂક દર્શન કરવા આવે તેવો રિવાજ પણ જળવાયેલો છે. મંદિરને આપવામાં આવેલ નવા ઓપના કારણે યુવાનોમાં પણ ખૂબ ઉત્સાહ જણાઈ રહ્યો છે અને આ વર્ષે પણ અહીંયા નવરાત્રી મહોત્સવનું ભવ્ય આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

## સે. ૪ માં નવરાત્રી મહોત્સવનું ભવ્ય આયોજન

ગાંધીનગર, તા. ૨૪

દર વર્ષની જેમ આ વર્ષે પણ સેક્ટર-૨૪ વસાહત મંડળ ધામધૂમથી મા અંબાની આરાધના કરશે. મંડળ દ્વારા સાર્વજનિક નવરાત્રી મહોત્સવમાં વિશિષ્ટ વ્યવસ્થા કરવામાં આવી છે. સુરક્ષા વ્યવસ્થા, શ્રેષ્ઠ સાઉન્ડ સિસ્ટમ અને ખ્યાતનામ કલાકારો સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે. નવ નવ દિવસ સુધી આરાધના કરવા માટે સેક્ટર-૪ નવરાત્રી સમિતિ દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું છે.

### આનંદના ગરબા

● સેક્ટર-૨૩ માઈ મંડળ દ્વારા આનંદનો ગરબો આજ રોજ ગુરુવારે દક્ષાબેન મકવાણાના નિવાસ સ્થાન બ્લોક નં. ૨૩/૩, છ ટાઈપ સેક્ટર-૨૩ ખાતે બપોરે ૧ થી ૩ દરમિયાન યોજાશે. નગરજનોને પધારવા આમંત્રણ પાઠવવામાં આવ્યુ છે.

● મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો આજ રોજ ગુરુવારે ઉષાબેન ત્રિવેદી નિવાસ સ્થાન પ્લોટ નં. ૨૯૨/૨, ગાયત્રી મંદિર પાસે સેક્ટર-૧-સી ખાતે બપોરે ૨ થી ૫ દરમિયાન યોજાશે. ધાર્મિક કાર્યક્રમમાં પધારવા શહેરીજનોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# લેકાવાડા ગામની પરિણીતાનો કણજીના ઝાડ પર ગળાફાંસો

### નદીએ જવાના રસ્તા પરના ઝાડેથી લટકતી હાલતમાં સવારે મૃતદેહ મળતા ચકચાર

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર નજીક આવેલા લેકાવાડા ગામમાં નદી તરફ જવાના માર્ગ પર કણજીના ઝાડે લેકાવાડા ગામની જ ૨૨ વર્ષિય પરિણીતાએ કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લેતા ગામમાં સન્નાટો ફેલાઈ જવા પામ્યો છે. મૃતદેહ ઝાડ પરથી ઉતારીને ચિલોડા પોલીસે પોસ્ટમોર્ટમ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કર્યો છે. પરિણીતાના લગ્નને ત્રણ વર્ષ જ થયા હોવાથી સમગ્ર મામલાની તપાસ ડીવાયએસપીએ શરૂ કરી છે.

લેકાવાડા ગામમાં રહેતી ૨૨ વર્ષિય મિત્તલબેન જગતસિંહ નાથુસિંહ રાઠોડના ત્રણ વર્ષ પહેલા લગ્ન થયા હતા. આજે સવારે સાડા આઠ વાગ્યાના અરસામાં લેકાવાડા ગામથી નદી તરફ જવાના રસ્તા પર આવેલા એક કણજીના ઝાડ પર મિત્તલબેનનો ગળાફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. ચિલોડા પોલીસને પરિણીતા મિત્તલના કોઈ અગમ્ય કારણોસર આપઘાત કરી લીધાના સમાચાર મળતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કર્યો છે. હજુ સુધી આપઘાતનું રહસ્ય બહાર આવ્યું નથી. લગ્નગાળો ત્રણ વર્ષનો જ હોવાથી આપઘાત પ્રકરણની સમગ્ર તપાસ ડીવાયએસપીએ સંભાળી છે.

# વ્યાજખોરોના ટોર્ચીંગની માહિતી મેળવવા મૃતકની કોલ ડીટેઈલ કઢાવી

### આપઘાત કરી લેનાર યુવાનને ટેલીફોનીક કેટલી ધમકીઓ મળી તેની પોલીસ તપાસ કરશે

ગાંધીનગર, તા.૨૪

વ્યાજખોરોના સતત ટોર્ચરીંગ અને ઉંચું વ્યાજ ચુકવીને કંટાળી ગયેલા સે-૨૮ના યુવાને આપઘાત કરી લીધાની ચકચારી ઘટના પોલીસ ચોપડે નોંધાઈ છે ત્યારે સે-૨૧ પોલીસે મૃતકના પિતા અને તેણે લખેલી સ્યુસાઈડ નોટને આધારે ગાંધીનગરના બંને વ્યાજખોરો સામે ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે. વ્યાજખોરોના ટોર્ચરીંગની માહિતી મેળવવા મૃતક યુવાનના મોબાઈલની કોલ ડીટેઈલ તપાસનીશ અધિકારીએ કઢાવી છે.

સેકટર-૨૮ના યુવાન શિરીષ પટેલીયાએ બે દિવસ અગાઉ સ્યુસાઈડ નોટ લખીને આપઘાત કરી લીધો હતો. સ્યુસાઈડ નોટમાં પ્રકાશ શ્રોફ અને વિપુલ નામના બે વ્યાજખોરોના ટોર્ચરીંગથી કંટાળીને તેણે પગલું ભર્યુ હોવાનો ઉલ્લેખ છે. જેને આધારે સે-૨૧ પીઆઈ ભરતસિંહ ચાવડાએ તપાસ શરુ કરી છે. સ્યુસાઈડ નોટ કબ્જે લઈને તેના હેન્ડ રાઈટીંગ મેળવા તજવીજ શરુ કરાઈ છે. તો બીજી તરફ મૃતક શિરીષને ટેલીફોનીક ધમકીએ કેટલી વાર અપાઈ અને કેટલા કોલ વ્યાજખોરો દ્વારા કરવામાં આવતા હતા તે તપાસ કરવા શિરીષના મોબાઈલની કોલ ડીટેઈલ પણ મેળવવામાં આવી છે જેને આધારે ઝીણવટભરી તપાસ શરુ કરી છે.



### દૂધ ઉત્પાદકોએ બંડ પોકાર્યો

મહેસાણાની દૂધ સાગર ડેરીના વહિવટકર્તાઓ સામે દૂધ ઉત્પાદકોએ બંડ પોકાર્યો છે. દૂધના ઓછા ભાવ વધારાને લઈને દૂધ ઉત્પાદક હિતરક્ષક સમિતિ સેક્ટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે પ્રતિક ઉપવાસ રાખવામાં આવ્યા છે. આજે સમિતિ વિરોધમાં મહારેલી યોજાશે. (તસવીર : કશ્યપ નીમાવત)

## સાબરમતીમાં આનંદના ગરબાની અખંડ ધૂન યોજાશે

ગાંધીનગર, તા.૨૪

આદ્યશકિત જગદંબા અને જગતજનની શ્રી બહુચરમાની અસીમ પ્રેરણા અને કૃપાથી સૌપ્રથમ વાર શ્રી બહુચર માતાના મંદિરે, સત્યનારાયણ સોસાયટી, રામનગર એચ.એચ. હાઈસ્કૂલ પાસે, સાબરમતી, અમદાવાદ ખાતે ૨૪ કલાકના ભકત વલ્લભ રચિત આનંદના ગરબાની અખંડ ધૂન નવરાત્રિમાં આસો સુદ ત્રીજ, શનિવારે તા. ૨૭-૯-૨૦૧૪ના દિવસે સાંજે ૬.૩૦ વાગે શરુ થશે. ગુજરાત ભરમાંથી સવાસોથી વધુ ગરબા મંડળો આ ધૂનમાં ભાગ લેશે.

૨૪ કલાકના આનંદની ગરબાની ધૂન આસો નવરાત્રીમાં યોજાઈ રહી હોય તેવું આ પ્રથમ મંદિર છે ત્યારે આસો સુદ ચોથ, રવિવારે સાંજે ૧૫૧ દીવાની મા બહુચરની આરતી સાથે આનંદના ગરબાની અખંડ ધૂન સાંજે ૭.૪૫ કલાકે પૂર્ણ થશે. આ અખંડ ધૂનનો લાભ લેવા માટે સર્વે માઈ ભકતોને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## જનસેવા કે જડસેવા કલેક્ટરને અર્પણ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર કલેક્ટર કચેરીમાં જનસેવા એ જડ સેવા છે. જેમાં સીનીયર સીટીઝનોને ત્રાસરૂપી લાગે છે. જે કિસ્સો સાબિતી આપી રહ્યો છે. સેક્ટર-૭-ડી ના વયસ્ક વ્યક્તિએ તા. ૨૫મી ઓગસ્ટે પ્લોટમાં પત્નીનું નામ ઉમેરવા અરજી કરી હતી જે અરજી આપવા માટે કલાકો સુધી ધક્કે ચઢ્યા પછી અરજી સ્વીકારી હતી. અરજી સ્વીકારતી વખતે તમામ મુદ્દાઓ પરિપૂર્ણ થાય તો જ અરજી સ્વીકૃત પામે છે. જેમાં નિયત ફી રૂ. ૨૩ લેવાઈ હતી. આ અરજીના નિકાલ માટે તા. ૨૪મી સપ્ટેમ્બરની આપવામાં આવેલ હતી. વયસ્ક વ્યક્તિ એ જન સેવાની કચેરીએ પોતાની અરજીની માહિતી લેવા પહોંચ્યા ત્યારે તા. ૨૮મી ઓગસ્ટની તારીખ વાળી ક્ષતિ પુર્તતાનો પત્ર આપવામાં આવ્યો હતો. ૨૮મી ઓગસ્ટ પત્ર જનસેવા કે જમીન ફાળવણી કચેરી પત્રથી પણ મોકલી શકી હોત જે ૨૮ દિવસ સુધી જનસેવામાં પડી રહ્યો. જેમાં ક્ષતિપુર્તતા માંગવામાં આવી તો જે દિવસે અરજી કરવામાં આવી ત્યારે કેમ આ મુદ્દાની માહિતી માંગવામાં ન આવી આમ એક મહિના પછી પ્લોટમાં પત્નીનું નામ દાખલ કર્યા વગરનો પત્ર મળ્યો છે. જે કલેક્ટરશ્રીને અર્પણ કરવા પાત્ર છે.

# ચિલોડામાં આકાર લઈ રહેલી ગુડાની શુભ લાભ આવાસ યોજનાનું કાર્ય પૂરજોશમાં

### ગરીબોને ઘરનું ઘર મળવાનું સ્વપનું જલ્દીથી સાકાર થશે તેવું આ વિસ્તારની જનતાને લાગી રહ્યું છે

ચિલોડા, તા. ૨૪

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ(ગુડા) દ્વારા શુભ-લાભ આવાસ યોજના અંતર્ગત મકાનો બાંધવાનું કાર્ય પુરજોશમાં હાથ ધરવામાં આવ્યું છે. તાજેતમાં જ ચિલોડાનો ગુડા વિસ્તારમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ત્યારે આ યોજના ઘર વિહોણા પરિવારો માટે આશિર્વાદરૂપ સાબિત થશે તેમાં બે મત નથી.

મોટા ચિલોડા ખાતે આવેલ ચિલોડા સર્કલ હવે દિનપ્રતિદિન ખૂબ જ મહત્વનું કેન્દ્ર બનતુ જાય છે. આ સર્કલ ગાંધીનગરતાલુકાના પૂર્વીય વિસ્તારની પ્રગતિમાં એક પછી એક સોંપાનો સર કરતા આગેકૂચ કરી રહ્યું છે અને તેના અમદાવાદ, દહેગામ, હિંમતનગર તેમજ ગાંધીનગર તરફના મુખ્ય માર્ગો આસપાસ નવા શોપીંગ કોમ્પલેક્ષો, રહેણાંકો, ફલેટો, ટેનામેન્ટસ તેમજ શૈક્ષણિક સંકુલો વિકાસ પામતા જાય છે. ચિલોડામાં



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

વાણિજ્ય પ્રવૃતિનો ધસમસતો વિકાસ અહીં અનેક લોકોને આકર્ષી રહ્યો છે. ત્યારે સરકાર દ્વારા ચિલોડાનો ગુડામાં સમાવેશ કરાતા તેની આંતર માળખાકીય સુવિધાઓનો પણ વિકાસ હાથ ધરાયો છે.

આ સમયે સરકારે ગરીબોને ઘરનું ઘર મળી રહે તે હેતુથી ગુડા દ્વારા શુભ-લાભ આવાસ યોજના હેઠળ સસ્તા મકાનો બનાવવાની યોજનાની જાહેરાત કરવામાં આવી હતી. આ યોજનાના એક સ્થળ તરીકે ચિલોડાની પસંદગી કરાતા અહીંની અને આસપાસના વિસ્તારની જનતામાં આનંદનું મોજુ પ્રસરી રહ્યુ હતુ. હાલ આ યોજનાનું અમલીકરણ પણ કરવામાં આવ્યું છે અને ચિલોડા ખાતે આ યોજના અંતર્ગત મકાનો બનાવવાનું કાર્ય પૂરજોશમાં હાથ ધરાયું છે. આ યોજનાનું ખાતમુર્હત રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૯
સૂર્યાસ્ત : ૬.૩૨

### તાપમાન

મહત્તમ : ૩૪.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૯ ટકા ● સાંજે ૫૯ ટકા

### મનોરંજન

**સીટી પલ્સ**

: સ્ક્રીન-૧ :

દાવત એ ઈશ્ક : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

ખૂબસૂરત : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

ફાઈન્ડીંગ ફેની (અંગ્રેજી) : ૫.૪૫, ૧૦.૧૫

સ્ક્રીન-૩ :

ક્રિએચર (૩ડી) : ૬.૪૫

: સ્ક્રીન-૪ :

ફાઈન્ડીંગ ફેની : ૧૨.૧૫, ૨.૧૫, ૧૦.૦૦

બે યાર (ગુજરાતી) : ૪.૧૫

આગાડુ (તેલુગુ) : ૭.૦૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :

ખૂબસૂરત : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

દાવત એ ઈશ્ક : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૩ :

ક્રિચર : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### આપની આજ

**મેષ** : એન્જિનિયર, ટેકનોલોજી કર્મીઓ માટે ઉપલબ્ધિ ભાગ્યવર્ધક કાર્યો માટે યાત્રાના યોગ. નકામા તનાવથી દૂર રહેવું. સામાજિક સમસ્યાનો ઉકેલ પ્રાપ્ત થઈ શકશે.

**વૃષભ** : ભૂમિ રક્ષા પ્રતિરક્ષા સંબંધી વિવાદિત પ્રકરણોમાં ચિંતનનો યોગ બની રહ્યો છે. ખાનપાનમાં કાળજી રાખવી. પદોન્નતિ, ભૂમિ સંબંધી લાભ પ્રાપ્તિ થવાની વિશેષ સંભાવના. રાજય તરફથી વિશેષ લાભ. આવકના સ્ત્રોતોથી લાભ પ્રાપ્તિ.

**મિથુન** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટવાયેલા નાળા પરત મળી શકશે. વરિષ્ઠ વ્યક્તિઓ તથા નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થશે.

**કર્ક** : પદ- પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, ગહન શોધ સંબંધી શોધપૂર્ણ કાર્યોનો વિશેષ યોગ બની રહ્યો છે.

**સિંહ** : મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. વ્યાપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધાર્મિક સમસ્યાઓ પર વિચાર- વિર્મશ થઈ શકે છે.

**કન્યા** : કૌટુંબિક વિવાદા ઉભા ન થાય તેની કાળજી રાખવી. કોર્ટ-કચેરીના મુદ્દે સાવચેતી રાખવી. ખાનપાનનું ધ્યાન રાખવું. મિત્ર, સંતાન પક્ષ સંબંધી સમસ્યાઓની લગતી બાબતોમાં યાત્રા અને ખર્ચ થશે.

**તુલા** : ધાર્મિક કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. આર્થિક સ્ત્રોમાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે.

**વૃશ્ચિક** : વ્યાપાર- વ્યવસાયિકક્ષેત્રમાં લાભ પ્રાપ્ત થવાની શકયતા છે. મંગળ પ્રસંગોમાં સમય પસાર થશે. સંચિત ધન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે.

**ધન** : વેપારી સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય. શુભ કાર્યોની શરૂઆત થશે. આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી અવરોધની સંભાવનાઓ રહેલી છે.

**મકર** : નવા વ્યાપારમાં રોકાણ વિચારીને કરવું. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા, નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક ક્ષેત્રમાં વિશેષ યોગ બની રહ્યો છે.

**કુંભ** : ધર્મ આધ્યાત્મ, કૌટુંબિક, માંગલિક કાર્યોમાં નાણાં ખર્ચ થવાની શકયતાઓ છે. ગૂઢ, ધાર્મિક, કુટુંબમાં માંગલિક, આધ્યાત્મિક કાર્યો થઈ શકશે.

**મીન** : વ્યાપાર -વ્યવસાયિક યાત્રાઓથી લાભ પ્રાપ્તિ થવાનો વિશેષ યોગ બની રહ્યો છે. મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. કુટુંબ સંબંધી વિવાદ માનસિક કષ્ટનું કારણ બનશે.

### ચિરવિદાય

- સ્વ. ચૌધરી સુરજબેન કહરાભાઇ (ઉ.વ.૭૦) મુ.પો. ધણપ, તા.જી. ગાંધીનગર
- સ્વ. ચંપકલાલ નારણદાસ સોની (ઉ.વ.૭૦) પ્લોટ નં. ૧૧૭૧/બી, સેક્ટર-૩ડી, ગાંધીનગર
- સ્વ. ઈશ્વરભાઈ પાનાચંદ શ્રીમાળી (ઉ.વ.૭૨) પ્લોટ નં. ૧૦૧૯/૧, સેક્ટર-૧૩સી, ગાંધીનગર
- સ્વ. સીતાબેન હિતેન્દ્રસિંહ રાઠોડ (ઉ.વ.૨૨) ગામ - લેકાવાડા, તા.જી. ગાંધીનગર